## ॥ ॐ શ્રી સાઈરામ ॥

## ॥ ॐ શ્રી સાઈ સાધકાનુગ્રહ વટવૃક્ષપ્રતિષ્ઠાપકાય નમ: ॥ (૯૭)

## સાધકો પર અનુગ્રહ કરવાવાળા વટવૃક્ષની સ્થાપના કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ઘણા વર્ષો પહેલાં ધ્યાન કેવી રીતે કરવું તે બાબત બોલતી વખતે સ્વામીએ તેમના ભક્તોને કહ્યું કે-" જ્યારે તમે ધ્યાન કરવા માટે બેસો છો ત્યારે તે પરમેશ્વરનું રૂપ નજર સામે લાવો. જપ કરવા માટે તેનું એટલે કે તમનેે ગમતા તેના કોઈપણ રૂપનું નામ ઉપયોગમાં લો. જો તમે જપ તેના (પરમેશ્વરના ) રૂપ વગર કરશો તો તમને જવાબ કોણ આપશે? આ રૂપ તમારો જપ સાંભળશે અને તમને પ્રતિસાદ આપશે. તમે એવી કલ્પના ન કરતા કે ધ્યાન રૂપ તરીકે મને પસંદ નહીં કરો તો હું ગુસ્સો કરીશ. તમને જે નામ આનંદ આપતું હોય તે જપ માટે પસંદ કરવાનું તમને સ્વાતંત્ર્ય છે. બધા નામો અને રૂપો મારા જ છે. મને જોયા પછી અને સાંભળ્યા પછી તમે પસંદ કરેલું પહેલાનું નામરૂપ બદલવાની જરૂર નથી. ”

સ્વામી ત્યાં જ અટક્યા નહીં. એપ્રિલ ૧૯૫૯ માં ચિત્રાવતીના પટમાં સ્વામી પ્રવચન આપતા હતા વિષય હતો બુદ્ધ, બોધિવૃક્ષ અને સાધકોની તપસ્યા માટે સુયોગ્ય જગ્યા કેવી હોવી જોઈએ. અચાનક તેમણે રેતીમાં હાથ નાંખીને એક ૧૦-૧૫ ઇંચનું તામ્રપત્ર (તાંબાનું પતરું) ઉદ્ભવ કર્યું. જેના પર થોડાક જ્ઞાત-અજ્ઞાત અક્ષરો હતા. ઉપસ્થિત ભક્તોને તામ્રપત્ર બતાવતા સ્વામી બોલ્યા -“આ તામ્રપત્ર કોઈ એક વૃક્ષની નીચે દાટીને તે વૃક્ષ નીચે બેસીને જો સાધક ધ્યાન કરશે તો તેની પ્રગતિ ઝડપથી થશે. ”

ત્યાર બાદ ૨૯ જૂન ૧૯૫૯ ના રોજ સ્વામીએ તપોવનમાં આ તામ્રપત્ર રાખીને તેના પર વટવૃક્ષ લગાવ્યું. ત્યારે તે બોલ્યા-" જે યોગીઓ તપની વિશિષ્ટ અવસ્થા સુધી પહોંચ્યા હશે, તે એક ગૂઢ આકર્ષણથી અહીંયાં આવશે. "

ધ્યાન વૃક્ષ તરીકે સ્વામીએ વટવૃક્ષને જ કેમ પસંદ કર્યું હશે? ગુરુના રૂપમાં શિવ વટવૃક્ષ નીચે આસનસ્થ થઈને શિષ્યોને જ્ઞાન પ્રદાન કરતા હોય છે. તેમજ વિષ્ણુ ભગવાન પણ પ્રલય સમયે વટપત્ર પર યોગ નિદ્રા ધારણ કરીને ત્રણેય લોકનું રક્ષણ કરતા હોય છે.

આપણો સનાતન ધર્મ જેવી રીતે વિવિધ તત્ત્વજ્ઞાન રૂપી વિચારોની શાખા (ડાળી ) માંથી બન્યો છે, તેવી જ રીતે વટ વૃક્ષ ની ડાળીઓ જમીન સુધી આવે છે અને તેનું જ મૂળ બનીને

પહેલાના વૃક્ષ ને અમરત્વ પ્રદાન કરે છે. આજ સુધી લાખો ભક્તોએ આ ધ્યાન વૃક્ષ નીચે ધ્યાનમાં બેસીને યોગિક આનંદ પ્રાપ્ત કર્યો છે.

ધ્યાન વૃક્ષ ની સ્થાપના પછીની આ વાત છે. શિરડી અમ્મા ( પેદા બોટ્ટ) એક દિવસ ધ્યાન કરવા માટે ધ્યાન વૃક્ષ તરફ જતા હતા, ત્યાં તેમને શ્રી રાજા રેડી તપોવન માંથી પાછા ફરતા દેખાયા. તેમણે પેદાબોટુને પૂછ્યું, “ તમે ધ્યાનવૃક્ષની નીચે બેસીને ધ્યાન કરવા માટે સ્વામીની પરવાનગી લીધી છે? પરંતુ પેદાબોટ્ટએ તેવી કોઈ પરવાનગી લીધી નહોતી અને તે ધ્યાન કરવા માટે ધ્યાનવૃક્ષની નીચે જઈને બેઠા.

એક દિવસ બ્રહ્મમુહર્ત પહેલાં  પેદાબોટુ ધ્યાન કરવા માટે વટવૃક્ષની નીચે બેઠા હતા. ધ્યાનમગ્ન સ્થિતિમાં હતા, ત્યારે વચ્ચે જ તેમની આંખો ખૂલી ત્યારે તેમણે અત્યંત અદ્ભુત એવું વિસ્મયકારક દ્રશ્ય  જોયું. પ્રશાંતિ મંદિરના શિખર ઉપરથી ફૂલો વડે શણગારેલા કેટલાક દેવતા હવામાં ઊડતા પૂર્વ દિશા તરફ જતા હતા. તેની સાથે જ વાદ્યોનો મીઠો ધ્વનિ સ્પષ્ટ રીતે સંભળાતો હતો. તેમને જોયા પછી પેદાબોટ્ટને ખ્યાલ આવ્યો કે, આ દેવલોકના નિવાસી સ્વામીના દર્શનાર્થે આવ્યા હતા. પેદાબોટુ યોગિની હતા, તેથી જ તેમને આવું અલૌકિક દર્શન વટવૃક્ષની નીચે ધ્યાન કરતી વખતે થયું હશે.

|| શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||